BAOU Education for All
॥ चैतन्य ॥ CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# ઉપનિષદમાં સૃષ્ટિવિચાર

ડૉ. સ્વાતિ શાહ

**સારાંશ:** ઉપનિષદો તત્ત્વજ્ઞાનનાં હિમાલય સમાન ગ્રંથ છે. તેમાં બ્રહ્મ, આત્મા, જીવાત્મા, સૃષ્ટિ, પંચકોશ અને મોક્ષ જેવા અનેક વિષયો વિશે ઊંડાણપૂર્વકની વિચારણા કરવામાં આવી છે. આ શોધપત્રમાં પ્રાચીન ઉપનિષદોમાં ચર્ચાયેલ સૃષ્ટિના સર્જન, અસ્તિત્વ અને નાશ વિષયક અવધારણાઓની વિચારણા કરવામાં આવી છે.

**ચાવીરૂપ શબ્દો :** ઉપનિષદ, બ્રહ્મ, તત્ત્વજ્ઞાન, તત્ત્વચિંતન, સૃષ્ટિ, Hume, Upanishad, Max Muller

ઉપનિષદો એ તત્ત્વચિંતનનાં ગ્રંથો છે. સમગ્ર વિશ્વે આ તત્ત્વચિંતનની નોંધ લીધી છે અને એના ઊંડાણથી પ્રભાવિત થયા છે. રોયલ એશિયાટિક સોસાયટીની બોમ્બે શાખા સમક્ષ વ્યાખ્યાન આપતાં જર્મન વિદ્વાન પોલ ડોયસને ૧૮૯૩માં કહ્યું હતુ કે, 'The Vedanta, in its unfalsified form is the strongest support of pure morality, is the greatest consolation in the sufferings of life and death. Indians, keep to it.'[1] અર્થાત્ વેદાન્ત (ઉપનિષદો- વૈદિક સાહિત્યના અંતે આવેલાં હોવાથી) તેના વાસ્તવિક રૂપમાં, શુદ્ધ સદાચાર માટેનો મજબૂત આધાર છે અને જીવન અને મૃત્યુની યાતનામાં તે સર્વોત્તમ આશ્વાસન છે.

વૈદિક સાહિત્યનો મન્ત્ર, બ્રાહ્મણ અને આરણ્યક સ્વરૂપે સર્જાયેલ ભાગ મુખ્યત્વે કર્મકાણ્ડ છે જ્યારે ઉપનિષદો જ્ઞાનકાણ્ડ છે. ઉપનિષદના ઋષિ માટે, જીવનનો અર્થ, સૃષ્ટિ અને મહાન અદૃશ્ય શક્તિ જ મુખ્ય પ્રશ્નો હતા. કેનોપનિષદ (૧-૧)નો ઋષિ પ્રશ્ન કરે છે કે,

केनेषितं पतति प्रेषितं मनः। केन प्राणः प्रथमः प्रैति युक्तः।
केनेषितां वाचमिमां वदन्ति। चक्षुः श्रोत्रं क उ देवो युनक्ति ॥ (१.१)

કોના દ્વારા મોકલાયેલ મન પોતાના લક્ષ્ય પર જઈને સ્થિર થાય છે? (અર્થાત્ મનને કોણ એના વિષયમાં જોડે છે?) કોના દ્વારા નિયુક્ત થયેલ પ્રથમ પ્રાણ પોતાના પથ પર ગતિ કરે છે? (અર્થાત્ મનુષ્ય શરીરમાં પ્રાણ-શ્વાસનો પ્રથમ સંચાર અને યોગ્ય ગતિ કોના કારણે છે?) જે વાણી મનુષ્ય બોલે છે તે વાણી કોના દ્વારા પ્રેરિત થયેલી છે? આંખને જોયેલા દૃશ્ય સાથે અને કાનને સાંભળેલા અવાજ સાથે કોણ જોડે છે?

તો શ્વેતાશ્વતર ઉપનિષદ(૧-૧)માં પણ આપણને સમગ્ર સૃષ્ટિના કારણ અને ચાલકબળની શોધ જ દેખાય છે, જેમાં પ્રશ્ન છે કે: આ જગતનું કારણ શું અથવા કેવું છે? આપણે શામાંથી ઉત્પન્ન થયા છીએ? શા વડે આપણે જીવીએ છીએ? અને (પ્રલયકાળે) ક્યાં અથવા શામાં આપણે રહીએ છીએ? હે બ્રહ્મજ્ઞાનીઓ! કોના નિયમ તળે રહીને આપણે સુખઃદુખરૂપ વ્યવસ્થાને અનુસરીએ છીએ?

આ અને આવા અસ્તિત્વ-વિષયક પ્રશ્નોનો ઉત્તર મેળવવાનો ઋષિનો પ્રયત્ન માત્ર તાત્ત્વિક સત્યને પ્રાપ્ત કરવા માટે જ નહીં, પરંતુ આતુર માનવજાતને તત્ત્વખોજ કરી શાંતિ અને મુક્તિ અપાવવાનો પણ છે. ડૉ. શ્રી સર્વપલ્લી રાધાકૃષ્ણન નોંધે છે કે, 'The aim of the Upanishads is not so much to reach philosophical truth as to bring peace and freedom to the anxious human spirit.'[2]

અને ડૉ. હ્યુમ કહે છે કે, આખરે વૈશ્વિક અને અનન્ય સત્ય ઉપનિષદના, આ ક્રાન્તદૃષ્ટા કવિઓની સમક્ષ પ્રગટ થયું. 'Truth itself assumed, in their eyes, an aspect varying according to their own feelings and misgivings.'[3] અલબત્ત, આ પ્રગટ થયેલું સત્ય એ ઋષિઓની પોતાની માન્યતાઓ અને અંદેશાઓ મુજબનું સત્ય હતું.

ઉપનિષદોનો પ્રયત્ન સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના મૂળભૂત કારણને, મૂળભૂત તત્ત્વને જાણવાનો છે, પોતાના વિશેનો છે, અંતિમ સત્તાનું જ્ઞાન પ્રાપ્ત કરવા વિશેનો છે. માનવ જીવનના મૂળભૂત પ્રશ્નો વિષે અહીં વિચારણા થઈ છે. મનુષ્યની ઉત્પત્તિ, એ પૂર્વે મનુષ્યના આધારસ્થાન એવી સૃષ્ટિનું સર્જન અને એ સર્જનના સર્જનહાર, મનુષ્યની મૃત્યુ પછીની ગતિ કઈ? એ ઉપરાંત, આ સૃષ્ટિનો લય પણ શેમાં અને કેવી રીતે-નો વિચાર ઉપનિષદોમાં કરવામાં આવ્યો છે.

ઉપનિષદો વિશે પાશ્ચાત્ય તત્ત્વચિંતક રોબર્ટ અર્નેસ્ટ હ્યુમ નોંધે છે કે, 'The earnestness of the search for truth is one of the delidhtful and commendable feature of the Upanishads'.[4] અર્થાત્ સત્યની શોધનિષ્ઠા એ ઉપનિષદનું એક આહ્લાદક અને પ્રશંસનીય લક્ષણ છે.

આ સમગ્ર સૃષ્ટિની રચના બ્રહ્મે કરી છે અને બ્રહ્મ સર્વત્ર વ્યાપ્ત છે. તૈત્તિરીય ઉપનિષદમાં તત્ત્વની શોધના પ્રયત્ન રૂપે શિષ્ય અને પુત્ર એવા ભૃગુ, 'હે ભગવન! મને બ્રહ્મજ્ઞાન આપો.' કહીને તેમના પિતા અને ગુરુ વરુણ પાસે જાય છે, ત્યારે પુત્ર ભૃગુને માર્ગદર્શન આપતાં વરુણ કહે છે કે, 'આ બધાં જ પ્રાણીઓ

શેમાંથી જન્મે છે, શેના વડે જન્મેલાં જીવે છે અને આખરે શેમાં લય પામે છે? તેને જાણ, એ જ બ્રહ્મ છે.' જગતની ઉત્પત્તિનું કારણ બ્રહ્મ છે અને એ ઉત્પન્ન જગતનું નિયામક, અધિષ્ઠાતા અને સંચાલક બ્રહ્મ જ છે. જગતનો લય પણ આખરે બ્રહ્મમાં જ થાય છે, એમ ભૃગુ અનેક પ્રયત્નોના અંતે જાણે છે. ઇશાવાસ્ય ઉપનિષદનો તો પ્રારંભા જ એ રીતે થાય છે: 'આ સમગ્ર વિશ્વ બ્રહ્મનું નિવાસસ્થાન છે.'

ઉપનિષદના ઋષિઓએ સૃષ્ટિની ઉત્પત્તિ વિશે ગંભીર ચિંતન કર્યું છે, આ વિષયમાં વિભિન્ન પ્રકારે વિચારણા કરવામાં આવી છે અને એ વિચારણા અને ચિંતનના પરિણામે વિવિધ મત ઔપનિષદિક ઋષિઓએ પ્રગટ કર્યા છે. આજે વૈજ્ઞાનિક પ્રયોગોના અંતે પણ આપણી પાસે સૃષ્ટિની ઉત્પત્તિ વિશે અનેક થિયરીઓ મળે છે, કોઈ એક થિયરી વિશે એકમત થઈ શકાયું નથી.

સૃષ્ટિ શબ્દ 'सृज्' ધાતુને क्तिन् પ્રત્યય લાગીને બનેલો છે, જેનો અર્થ 'સર્જન થયેલી' એવો થાય છે, ત્યારે તેના સર્જક કોણ, એ પ્રશ્ન સ્વાભાવિક છે. આ પ્રશ્નનો જવાબ આપણને બ્રહ્મ શબ્દમાંથી પ્રાપ્ત થાય છે. 'બ્રહ્મ' શબ્દ बृह् ધાતુ- વધવું, ફૂટી નીકળવું કે વ્યાપીને રહેવું, ધાતુ પરથી નિષ્પન્ન થયેલો માનવામાં આવે છે. કદાચ તેનો સૌ પ્રથમ અર્થ પ્રાર્થના હતો. આ નામરૂપાત્મક જગતનું સ્ફૂરણ તેમાંથી જ થાય છે. આ અર્થમાં બ્રહ્મ શબ્દ વપરાયો છે. બ્રહ્મ એ વિશ્વનું મૂળ કારણ છે, જે માત્ર વાણીના રૂપમાં જ નહીં, પરંતુ સમ્પૂર્ણ પ્રકૃતિના રૂપમાં સ્વતઃ ફૂટી નીકળે છે.

કેનોપનિષદ કહે છે કે, न तत्र चक्षुर्गच्छति न वाग्गच्छति नो मनो । અર્થાત્ એ બ્રહ્મ સુધી ચક્ષુ, વાણી જેવી સ્થૂળ ઈંદ્રિયો કે મન સમાન સૂક્ષ્મ ઈંદ્રિય પણ પહોંચી શકતી નથી. આથી, આ તત્ત્વ વિશે કેવી રીતે ઉપદેશ આપી શકાય તે અમે જાણતા નથી. પરંતુ, પૂર્વજો પાસેથી સાંભળ્યું છે કે બ્રહ્મતત્ત્વ તો જાણેલાંથી અને ન જાણેલાંથી પણ અન્ય, પર કે બીજું છે.

આ બ્રહ્મતત્ત્વ, ઋષિ કહે છે કે, જ્ઞાન અને અજ્ઞાન બંનેથી પર છે. મનુષ્ય તેનો તાગ મેળવી શકતો નથી. પરંતુ, આ બ્રહ્મ કાર્ય કેવી રીતે કરે છે? અથવા સૃષ્ટિનું સર્જન કયા પ્રકારે કરે છે?

સૃષ્ટિની ઉત્પત્તિ પૂર્વે તેણે વિચાર્યું, सोऽकामयत। बहु स्यां प्रजायेयेति। स तपोऽतप्यत। स तपस्तप्त्वा। इदं सर्वमसृजत। (તૈત્તિ.ઉપ.૨-૬) અર્થાત્ 'તેણે વિચાર્યું, હું બહુ થાઉં, પ્રજા ઉત્પન્ન કરું, તેણે તપ કર્યું અને તપ કરીનેઆ સર્વ (સૃષ્ટિ)નું સર્જન કર્યું.'

અથવા. સૃષ્ટિની ઉત્પત્તિ બૃહદારણ્યક ઉપનિષદના પ્રથમ અધ્યાયના ચતુર્થ બ્રાહ્મણ(૧-૪-૩)માં આ રીતે દર્શાવાઈ છે: 'સૃષ્ટિની ઉત્પત્તિ પૂર્વે પુરુષાકાર બ્રહ્મ એકલું હતું. એકલા હોવાપણું ન ગમવાથી તેણે અન્યનો વિચાર કર્યો. તેને એકલા આનંદ ન આવ્યો, તેણે બીજાની ઈચ્છા કરી.' અને પછી

પોતાનામાંથી તેણે સચરાચર સૃષ્ટિ ઉત્પન્ન કરી. અને તૈત્તિરીય ઉપનિષદ કહે છે કે, આ બ્રહ્મે સૃષ્ટિનું સર્જન કરી તેમાં પ્રવેશ કર્યો. तत् सृष्ट्वा तदेवानुप्राविशत्। (તૈત્તિ.ઉપ.૨-૬)

સૃષ્ટિની ઉત્પત્તિ વિષયક વિવિધ મતોમાં એક વિચારણીય મત તૈત્તિરીય ઉપનિષદનો છે. તેમાં કહ્યું છે કે, 'असद् वा इदमग्र आसीत्। ततो वै सदजायत। तदात्मानं स्वयमकुरुत।' (તૈત્તિ.ઉપ.૨-૭) અર્થાત્, સૃષ્ટિના સર્જનની શરૂઆતમાં આ અસત્ હતું અને તેમાંથી સત્ સ્વયં ઉત્પન્ન થયું. અર્થાત્ કશું જ ન હતું, તેમાંથી સત્ રૂપી તત્ત્વ (અર્થાત્ બ્રહ્મ) ઉત્પન્ન થયું.

જ્યારે છાન્દોગ્ય ઉપનિષદ (૬-૨-૧) પોતાનો મત આ રીતે દર્શાવે છે: सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम्। तद्धैक आहुरसदेवेदमग्र आसीदेकमेवाद्वितीयं तस्मादसतः सज्जायत।'

સૃષ્ટિની ઉત્પત્તિ પૂર્વે માત્ર સત્ હતું, એક અને અદ્વિતીય અને તેણે સૃષ્ટિનું સર્જન કર્યું. જાણે તૈત્તિરીય ઉપનિષદની અસત્-માંથી સત્-ની ઉત્ત્પત્તિની વાતનો વિરોધ દર્શાવતાં હોય તેમ ઋષિ જણાવે છે કે, 'કોઇએ એવું પણ કહ્યું છે કે આરંભમાં એક માત્ર અદ્વિતીય અસત્ હતું. તેમાંથી સત્ની ઉત્પત્તિ થઇ છે. પરંતુ, હે સૌમ્ય! અસત્માંથી સત્ની ઉત્પત્તિ કેવી રીતે થઇ શકે? આથી, હે સૌમ્ય, સૃષ્ટિના આરંભમાં માત્ર સત્ હતું.' (છા.ઉપ.૬-૨-૨) સામાન્ય વ્યવહારમાં આપણે જોઈએ છીએ કે, દૂધ હોય તો દહીં બને, રેતી હોય તો દહીં ન જ બને. છાંદોગ્ય ઉપનિષદ આ જ વાત કહે છે કે, 'સત્-માંથી જ સૃષ્ટિ ઉત્પન્ન થઈ શકે.'

તો તૈત્તિરીય ઉપનિષદ સત્-ની ઉત્પત્તિ પછી સૃષ્ટિ-ઉત્પત્તિ માટે આગળ કહે છે કે, तस्माद्वा एतस्मादात्मन: आकाशः संभूतः। આત્મન્ અર્થાત્ બ્રહ્મમાંથી આકાશ ઉત્પન્ન થયું, તેમાંથી વાયુ, વાયુમાંથી અગ્નિ, અગ્નિમાંથી જલ, જલમાંથી પૃથ્વી, તેમાંથી ઔષધિઓ, ઔષધિમાંથી અન્ન અને એ અન્નમાંથી પુરુષની ઉત્પત્તિ થઈ છે.

બૃહદારણ્યક ઉપનિષદ ૫-૫-૧માં આપણે જોઇ શકીએ છીએ કે સર્જનના મૂળમાં પાણીને દર્શાવાયું છે, 'સહુથી પહેલાં પાણી જ હતું, તેણે સત્-ને ઉત્પન્ન કર્યું. એ સત્-એ બ્રહ્મ અને બ્રહ્મે પ્રજાપતિનું સર્જન કર્યું....' છાન્દોગ્ય ઉપનિષદના સપ્તમ અધ્યાયમાં પણ આપણને સૃષ્ટિની ઉત્પત્તિ વિશે ફરી એક થિયરી આપતાં કહેવાયું છે કે, પાણીમાંથી જ સમગ્ર સજીવ અને નિર્જીવ એટલે કે સચરાચર સૃષ્ટિની ઉત્પત્તિ થઈ છે: 'આ પાણી જ પૃથ્વી, આ અંતરીક્ષ, આ સ્વર્ગ, આ પર્વતો, આ દેવતાઓ અને માણસો, પશુઓ અને પક્ષીઓ, જડીબુટ્ટીઓ અને વૃક્ષો, પ્રાણીઓ, કૃમિ અને કીટ- પતંગોનું સ્વરૂપ ધારણ કરે છે. ખરેખર, આ તમામ સ્વરૂપો પાણીનાં છે. પાણીની જ ઉપાસના કરો.'

કૌષીતકિ ઉપનિષદ કહે છે કે, 'आपो वै खलु मे ह्यसावयं ते लोक इति' (કૌષી.ઉપ.૧-૬) શ્રી હ્યુમ તેનું ભાષાંતર આ રીતે આપે છે.' 'The water, verily, indeed, are my world.'[5]

છાન્દોગ્ય ઉપનિષદમાં કહેવાયું છે કે, सर्वं खल्विदं ब्रह्म| (૩-૧૪-૧), (આ બધું ખરેખર બ્રહ્મ છે.) આ મહાવાક્યમાં એક જ બ્રહ્મતત્ત્વ અણુએ અણુમાં વિલસી રહ્યું છે, સચરાચર જગત બ્રહ્મસ્વરૂપ છે અથવા આત્મા એ જ બ્રહ્મ છે, તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

બૃહદારણ્યક ઉપનિષદમાં ગાર્ગ્ય બાલાકિને અજાતશત્રુ ઉપદેશનું સમાપન કરતાં કહે કે, ‘જેવી રીતે આગમાંથી તણખા ચારે બાજુએ ઊડે છે, જે અગ્નિનું જ સ્વરૂપ હોવા છતાં મૂળ અગ્નિથી ભિન્ન છે એમ જણાય છે, તેવી જ રીતે જીવાત્મા મૂળ બ્રહ્મ જ છે અને અવિદ્યા, ચિદાભાસ, વગેરેના કારણે જીવાત્મા બ્રહ્મથી અલગ છે એમ ભાસે છે.’ આમ, બૃહદારણ્યક ઉપનિષદમાં જીવાત્માને અગ્નિના સ્ફૂલ્લિંગ સાથે સરખાવવામાં આવ્યો છે.

‘જેમ કરોળિયો તેના દ્વારા ઉત્પન્ન તાર સાથે આગળ વધે છે, અથવા અગ્નિમાંથી નાના તણખાઓ બધી દિશામાં ઉડે છે, તેવી જ રીતે આ આત્મામાંથી બધા અવયવો, બધા જગત, બધા દેવો, બધા જીવો બહાર આવે છે. એ જીવોએ પોતાનાં કર્મોનાં ફળ ભોગવવા પડે છે અને એ ફર્મફળ ભોગવીને મુક્ત થયેલ જીવ પરમાત્મામાં વિલીન થઈ જાય છે.’

આમ, ઉપનિષદના સૃષ્ટિઉત્પત્તિ વિષયક મૂળભૂત સિદ્ધાન્તને ટૂંકમાં દર્શાવવો હોય તો એક જ વાક્યમાં કહી શકાય કે, ‘सर्वं खलु इदं ब्रह्म | आयमात्मा ब्रह्म |’ અને શ્રી વિન્ટરનિત્ઝ તેનું આધુનિક ભાષામાં યથાર્થ અને સુંદર ભાષાંતર આપે છે કે, ‘The world is God and God is my soul.’[6]

છાંદોગ્ય ઉપનિષદના મતે સૃષ્ટિ, જીવાત્મા અને પરમાત્માનું સ્વરૂપ એક જ છે. આ ઉપનિષદમાં પુત્ર શ્વેતકેતુને બ્રહ્મજ્ઞાન આપતાં પિતા ઉદ્દલક આરુણિ કહે છે કે, स यथा तत्र नादाह्येतैतदात्म्यमिद सर्वं तत्सत्य स आत्मा तत्त्वमसि श्वेतकेतो इति तद्धास्य विजज्ञाविति विजज्ञाविति॥

જેમ તે સત્-વાનને અગ્નિ બાળતો નથી, તેમ જેણે સત્-ને જાણ્યું છે તેનો પુનર્જન્મ થતો નથી. આમ તે સત્-માં આ અસ્તિત્વમાં રહેલ સર્વ સમાવેશ પામે છે. હે શ્વેતકેતુ! એ જ સત્ય છે, તે જ આત્મા છે અને એ આત્મા રૂપી સત્ જ તું છે. બૃહદારણ્યક ઉપનિષદ કહે છે એમ, અહીં કશું ભિન્ન-ભિન્ન છે જ નહીં. (नेह नानास्ति किंचन|) બ્રહ્મને જાણનાર સર્વ પદાર્થને જાણી લે છે, આ જ મોક્ષ છે. ઉપનિષદ અનુસાર બ્રહ્મ એ જ આત્મા છે, તે જ સર્જન, સ્થિતિ અને લયનું કારણ છે.

સન્દર્ભ-સૂચિ:

1. Hume, R.E., The Thirteen Principal Upanishads, P. 41 (Hume દ્વારા ઉદ્ધૃત)

2. Radhakrishnan, S., Indian Philosophy, P. 138
3. Max Muller, F., A History of Ancient Sanskrit Literature, P. 166
4. Hume, R.E., The Thirteen Principal Upanishads, foot note, P. 30
5. Hume, R.E., The Thirteen Principal Upanishads, P. 10
6. Winternitz, M., A History of Indian Literature, Vol.1, Part-1, P. 215

ડૉ. સ્વાતિ શાહ
એસોસિએટ પ્રોફેસર, સંસ્કૃત,
સ્કૂલ ઓફ સોશિઅલ સાયન્સીઝ એન્ડ હ્યુમેનિટીઝ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ